


## પરપોટામાં આખું ગામ સમાયું

– જેમ્સ સ્મિથ

હોમર નામનો એક છોકરો હતો. હોમર પર્વત પર પોતાના કાકા હેનરી સાથે એક જૂના–પુરાણા મકાનમાં રહેતો હતો.

આખો દિવસ હોમર પોતાના કાકાના નાનકડા ખેતરમાં કામ કરતો અને બીજાં નાના–મોટાં કામમાં મદદ કરતો. પરંતુ સાંજે જમ્યા પછી હોમર પોતાના કાકા સાથે બહાર ઓસરીમાં બેસતો અને પોતાની સૌથી મનપસંદ રમત રમવા લાગતો. એનો શોખ હતો સાબુના પરપોટા બનાવીને ફુલાવવાનો. પરંતુ હોમરના પરપોટા કોઈ સાધારણ પરપોટા નહોતા. હોમર વર્ષોથી મોટા પરપોટા ફુલાવવાની કોશિશ કરતો. એના પરપોટા એટલા મજબૂત બનતાં કે તે જલદી ફૂટતા પણ નહોતા.

મોટા ભાગના બાળકો ફક્ત સાબુનું પાણી વાપરે છે. પરંતુ હોમર તો એક બાળ વૈજ્ઞાનિક હતો. તેણે કેટલાય પ્રયોગો કર્યા. પહેલાં સાબુના દ્રાવણમાં થોડો ગુંદર ભેગો કર્યો. પણ તે ઘાટો હતો. તેથી ગુંદરમાં થોડું ભેલ ભેળવી પરપોટો કર્યો. બીજીવાર તેણે સાબુના પાવડરને ભેળવીને પરપોટો બનાવ્યો, જે મોટો થયો અને પાંચ મિનિટ ટક્યો. છેવટે હેનરી કાકાના નાક સાથે અથડાઈને ફૂટી ગયો.

આથી હોમરનો ઉત્સાહ વધી ગયો. તેને વિચાર આવ્યો કે થોડું શેમ્પૂ મેળવવાથી કદાચ વધારે મોટા પરપોટા બને. આમ કરવાથી ખરેખર ફુગ્ગા ગોળમય બન્યા. પછી તેણે થોડો ફેવિકોલ અને થોડી ખાંડની ચાસણી પણ

મેળવ્યાં. આનાથી વધુ ટકી શકે એવા અને મોટા પરપોટા બન્યા. પણ કોણ જાણે કેમ બધા ફુગ્ગા હેનરી ચાચાના નાક સાથે અથડાઈને ફૂટી જતા.

હોમર તો એક વૈજ્ઞાનિક હતો. તે તો બસ દિવસ રાત નવા નવા અખતરા કરતો રહેતો. એક રાતે જમ્યા પછી હોમર અને ચાચા હેનરી પહાડ ઉપર પોતાની ઓસરીમાં બેઠા હતા.

હોમરે આ વખતે દ્રાવણમાં થોડો ડામર પણ ભેળવેલો. ડામર તેને સડકના કિનારેથી મળેલો.

ચાચા હેનરીએ હોમર તરફ જોઈને કહ્યું, ''હોમર ! તું ઊંધા ધંધા રહેવા દે. તારા આ પરપોટાને કારણે તું ક્યારેક જરૂર મુસીબતમાં પડવાનો. પરપોટાનું આટલા મોટા હોવું અને આટલો બધો વખત ટકવું એ કાંઈ સ્વાભાવિક વાત નથી.''

પરંતુ હોમર તો હતો વૈજ્ઞાનિક. એને તો બસ પ્રયોગ કરવાની મઝા આવતી હતી એટલે તે તરત દોડતો ઘરમાં ગયો અને પરપોટા ફુલાવવાની પોતાની નળી લઈ આવ્યો. પછી તે નળીને પ્રવાહીમાં ડુબાડી પરપોટો ફુલાવવો શરૂ કર્યો.

પ્રવાહીમાં ડામર હોવાથી પહેલાં તો એને પરપોટા ફુલાવવામાં બહુ જોરથી હવા ફૂંકવી પડી. તેના બંને ગાલ લાલઘૂમ થઈ ગયા. પરંતુ ધીરે ધીરે પરપોટો ફુલતો ગયો અને ફુલાવવાનું સહેલું બનતું ગયું. હોમરે એક લાંબો–ઊંડો શ્વાસ લીધો અને જોરથી ફૂંક મારી. થોડીવારમાં તો તે ફૂલીને મોટો ગોળો બની ગયો. હોમરે અત્યાર સુધી બનાવેલા પરપોટામાં તે સૌથી મોટો હતો. અને તે પરપોટો હજી ફૂલતો જ જતો હતો ! હવે હોમરને તળેટીમાં વસેલું શહેર પણ દેખાતું નહોતું કે બહારનું મેદાન પણ દેખાતું નહોતું. અરે હવે તો સામેથી ચાચા હેનરી પણ અદશ્ય થઈ ગયા હતા !

પરપોટો હવે એટલો મોટો થઈ ગયો હતો કે તે જમીનને અડવા લાગ્યો. હોમર તે જમીન સાથે ઘસાઈ ફૂટી ન જાય તેનું ધ્યાન રાખતો હતો અને પાછો વધુને વધુ ફૂંક માર્યા કરતો હતો. પરિણામે પરપોટો મોટો મોટો થતો જતો હતો.

હોમર સાવધાનીપૂર્વક ઓસરીના છેડે આવી ગયો જેથી પરપોટાને લટકવાની જગ્યા મળે. દસ ફૂટ, અગિયાર ફૂટ, બાર ફૂટ પરપોટો મોટો જ થતો જતો હતો. તેર ફૂટ, ચૌદ ફૂટ અને હોમરના કાનમાં ચાચા હેનરીના શબ્દો સંભળાયા. ''બાપ રે !''

અને ત્યાં જ એક ધડાકા સાથે પરપોટો ફૂંકવાની ભૂંગળીથી જુદો થઇ ગયો. થોડો વખત તો પરપોટો ધ્રૂજ્યો, હલ્યો, પરંતુ તૂટ્યો નહીં. ફૂટવાને બદલે તે ગોળ ગોળ પૈડાંની જેમ ગબડવા લાગ્યો. પહેલાં તે ધીમે ધીમે ગબડતો હતો, પરંતુ ઢાળ વધતાં તેની ઝડપ વધતી ગઈ.

પહાડ પર એક ગાય ઘાસ ચરતી હતી. જ્યારે એ ગાયે આ વિશાળકાય પરપોટો પોતાના તરફ આવતો જોયો તો ઘાસ ખાવાનું પડતું મૂકી ભાંભરી ઊઠી, ''માં.....!'' પણ ત્યાં તો પરપોટો તેની સાથે અથડાયો. તે એટલો ચીકાશવાળો હતો કે ગાય તેમાં લપેટાઈ ગઈ અને તો પણ પરપોટો ગબડતો રહ્યો.

એક નાનો છોકરો ''ટૉમ'' ચાચા હેનરી પાસે દૂધ લઈને આવતો હતો. તેણે પરપોટાને પોતાની તરફ આવતો જોયો. ''બચાવો'' એવી બૂમ પાડે ત્યાં તો પરપોટાએ તેને પણ લપેટી લીધો. પરપોટો પહાડના ઢોળાવમાં ઝડપથી નીચે શહેર તરફ ગબડતો જતો હતો.

ટૉમની પાછળ તેની ભૂરી બિલાડી પણ હતી. તે પણ એક સેકન્ડમાં પરપોટાની ઝપટમાં આવી ગઈ. પરપોટાની પાછળ પાછળ હોમર દોડતો હતો. અને એની પાછળ બરાડા પાડતાં–પાડતાં ચાચા હેનરી. ''હોમર ! જોયું હું પહેલેથી નહોતો કહેતો કે એક દિવસ.....''

થોડીવારમાં તો પરપોટો મુખ્ય સડક પર આવી ગયો. એક ઘોડાગાડી પણ પરપોટાની ઝડપમાં આવી ગઈ.

થોડા વખતમાં તો પરપોટાની અંદરનો ઘોડો હણહણવા લાગ્યો, બિલાડી ''મ્યાઉં મ્યાઉં'' કરવા લાગી, ગાય ભાંભરવા લાગી, નાનો ટૉમ , ''બાપરે, મરી ગયા'' એમ બૂમો પાડવા લાગ્યો.

શાંત શહેરમાં આ ઘોંઘાટ શાનો ? નગરજનો એ જોવા માટે મુખ્ય રસ્તા પર ભેગા થવા લાગ્યા. વિચિત્ર દશ્ય જોઈ બધા અચંબામાં પડી ગયા. સડક પર એક વિશાળકાય પરપોટો ઝડપથી ગબડતો હતો અને તેમાં ટૉમ, બિલાડી, ગાય, ઘોડાગાડી લપેટાયેલાં હતાં.

સૌથી પહેલાં તો ડૉક્ટર સાહેબના દવાખાના સામે ઊભેલી મોટરકાર તેની ઝપટમાં આવી. પછી રાધાબેન, પછી સડકની ધારે પાંચીકા રમતી છોકરીઓ...ન જાણે બધાં કયાં ગાયબ થઈ ગયાં !

ત્યાં સુધીમાં તો હોમર અને ચાચા હેનરી પણ ત્યાં પહોંચી ગયા. રસ્તામાં આવતી દરેક વસ્તુને પરપોટાની અંદર ગાયબ થઈ જતી તે જોતા રહ્યા.

''ચાચા હેનરી ! ચાચા હેનરી!'' હોમરે બૂમ પાડી. ''હું શું કરું ? આ પરપોટાને કેવી રીતે રોકું?'' અને ચાચા હેનરી તો એ જ વાક્ય બોલ્યા જે તેમણે અનેક વખત કહેલું. ''હોમર ! મેં તને પહેલાંથી જ કહેલું કે એક દિવસ.....''

મુખ્ય સડક જ્યાં પૂરી થતી હતી ત્યાં એક મંદિર (દેવળ) હતું. તેની ઉપર એક લાંબો અણિયાળો ભાલો હતો. પરપોટો ગબડતો–ગબડતો તે દેવળ તરફ વધ્યો.

હોમરે રડમસ અવાજે કહ્યું : ''હવે તો આ બધાં ભાલા સાથે અથડાઈને મરવાના. બધો વાંક મારો જ છે.''

દેવળ પાસે આવી પરપોટો ઊછળ્યો અને લાંબો અણિયાળો ભાલો ખૂંપી ગયો. એકાદ મિનિટમાં તો એ ફૂસ થઈને ફૂટયો !'' એમાંથી હોમરે ભરેલી હવા ફુસ્સ...કરતી નીકળવા લાગી. પરપોટોના ભંગારમાંથી કોણ જાણે શું શું નીકળ્યું ! ટૉમ, તેની ભૂરી બિલાડી, કાળી ગાય, ઘોડાગાડી, રાધાબેન, છોકરીઓ, મોટરકાર.....'' આ બધી વસ્તુઓ ચીકણા ડામર જેવા પરપોટાનાં પ્રવાહીમાં લથપથ હતી.

હોમરના પરપોટાનો ભંગાર સાફ કરતાં આખા શહેરને ચાર અઠવાડિયાં લાગ્યાં. આવી ઘટના પહેલાં ક્યારેય બની નહોતી. એક વરસ પછી પણ લોકો પોતાના માથાના વાળ કે કાનના કાણામાંથી હોમરના વૈજ્ઞાનિક પ્રયોગને ઘસી ઘસીને ધોતા હતા. પરપોટાવાળો દિવસ નાગરિકો ક્યારેય ભૂલ્યા નથી.

ગામના લોકોએ ભેગા થઈને હોમરને તેના પ્રયોગોનાં સાધનો સાથે એક પ્રયોગશાળા બનાવી તેમાં કામ કરવા મોકલી આપ્યો. જેથી તે પોતાની વૈજ્ઞાનિક શોધખોળો ચાલુ રાખે પણ શહેરને નુકસાન ન પહોંચાડે.

ચાચા હેનરીને હોમર ખૂબ યાદ આવતો. રોજ રાત્રે જમ્યા પછી હવે તે એકલા ઓસરીમાં બેસતા અને કહેતા : ''હોમર ! મને ખબર તો હતી જ કે આ બધા વૈજ્ઞાનિક પ્રયોગ કરીને તું એક દિવસ જરૂર કોઈ કમાલ કરી દેખાડીશ અને મહાન વૈજ્ઞાનિક બનીશ.''

■